


ओ३म्

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN


# આર્ય વૈદિક દર્શન


ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 9, December 2017 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual

## શ્રી આશાભાઈ મહિડા

મુંબઈ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાના ઉપદેશક, ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદની સ્થાપનાના પ્રેરક રાષ્ટ્રભક્ત અને આર્ય વિદ્વાન ડૉ. દિલીપ વેદાલંકારના પિતાશ્રી.

શ્રી આશાભાઈએ ગુજરાત અને મુંબઈમાં વૈદિક ધર્મનો પ્રચાર કરવા જીવન આર્પી દીધું. તેઓએ ગુરુકુળના ધન પ્રાપ્તિ માટે આફ્રિકા સુધીનો પ્રવાસ ખેડેલો. તેઓ રાષ્ટ્રભક્ત હતાં અને આર્યસમાજની સેવા માટે પોતાની રાજકીય કારકિર્દીનું બલિદાન આપેલું હતું.

## "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધઃ (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૮
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ: ૨ (સળંગ વર્ષ ૩૬)
અંક : ૯, ડિસેમ્બર - ૨૦૧૭
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલનં. ૯૮૭૯૩૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલનં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवता:।
यत्रैता: तु न पूजयन्ते सर्वा: तत्राफला: क्रिया॥

જે પરિવારમાં સ્ત્રીઓને આદર-સમ્માન થાય છે, ત્યાં દેવતા=દિવ્ય ગુણ, કર્મ, સ્વભાવ, સંતાન, દિવ્ય લાભ વગેરે પ્રાપ્ત થાય છે અને જ્યાં એમનાં આદર-માન નથી હોતાં, ત્યાં એમની બધી ક્રિયાઓ નિષ્ફળ થઇ જાય છે.

- મનુસ્મૃતિ ૩.૬

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૫ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૦ |
| અરબમાં વૈદિક ધર્મ પ્રચાર | ૧૨ |
| મ. દ. રચિત ગ્રન્થ પરિચય | ૧૫ |
| અંધવિશ્વાસ નિવારણ | ૧૬ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય | ૧૭ |
| બાળ વિભાગ | ૧૯ |
| ગુજરાતનું ગતિશીલ આર્યજગત | |
| આર્યસમાજ જૂનાગઢ ગરીબોને સહાય | ૨૩ |
| આ. વી. દળ ટંકારા સ્થાનીય શિબિર | ૨૩ |
| દિવ્યભાસ્કર ગ્રુપ દ્વારા શ્રેષ્ઠ વ્યક્તિ | ૨૪ |
| લકુલીશધામ ખાતે ચતુ. પારાયણયજ્ઞ | ૨૪ |
| ગુ. પ્રાં. આ. પ્ર. સભા દ્વારા વકતૃત્વ સ્પર્ધા | ૨૫ |
| આચાર્ય જ્ઞાનેશ્વરજીનો દેહ વિલય | ૨૬ |
| આચાર્ય જ્ઞાનેશ્વરજીને દેશ-વિદેશથી | ૨૯ |
| મહર્ષિ દયાનંદ બોધોત્સવ પ્રતિયોગિતા | ૩૦ |
| પુસ્તક | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# થોડી જ જાગૃતિ

– આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુ કૃપાથી ઘણાં બધાં મનુષ્યોને જીવનનું અંતિમ લક્ષ્ય જાણવા સમજવવાની તક મળે છે. આ સંસાર ભલેને અત્યંત અધિક ભૌતિકવાદી અત્યંત અધિક વિષય ભોગી, અત્યંત અધિક બહિર્મુખી, અત્યંત અધિક અધાર્મિક બની ગયો હોય અને વધારે થતો જતો હોય. આ સંસારમાં ભલે ગમે તેટલું વધુ આકર્ષણ હોય, ગમે તેટલી વિપરીત સ્થિતિઓ હોય, તેમ છતાં પણ અહીં અને આ સંસારમાં અનેક મનુષ્યોમાં સાધના કરવાની ભાવના ઉત્પન્ન થાય છે, તેઓ તે જાણવા - સમજવાનો પ્રયત્ન કરે છે અને પછી સાધના માટે પ્રયત્ન પણ આરંભ કરી દયે છે, તેને અનુરૂપ સફળતા પણ મેળવે છે.

સંસારની આટલી વિપરીત જોવામૃ આવતી સ્થિતિમાં પણ પ્રભુ કૃપાથી ઘણી બધી વ્યક્તિ સાધનાનો નિશ્ચય કરી શકે છે, આ સંભવ છે, પ્રત્યક્ષ છે. સંસારના આકર્ષણ, વિષય ભોગના કારણે મનુષ્યને પલભરમાં લપસી પડતો જોઇએ છીએ, અન્યાય - અત્યાચાર કરતો જોઇએ છીએ આને બીજાઓમાં તથા પોતાનામાં વારંવાર થતુ જોઇને કેટલાય માણસો પોતાને તથા અન્યોને સાધના માટે અયોગ્ય સમજવા લાગે છે, પરંતુ કેટલાક મનુષ્યો તેમાંથી શીખ મેળવી સાધનાની તરફ વધારે પ્રવૃત્ત થઇ જાય છે, પોતાને સાધના-પથમાં વધારે દૃઢ કરી લે છે.

પ્રભુકૃપાથી પ્રત્યેક મનુષ્યને એવું અંતઃકરણ મળ્યું છે, કે જેનો સદ્ઉપયોગ કરીને તે જીવનને સાચા માર્ગે ચલાવી શકે છે. સાધનામાં પ્રવૃત્ત થઇ પોતાના જીવનને સાધનામય બનાવી શકે છે. સંસારના વિષયભોગ અને ઐશ્વર્ય અત્યંત આકર્ષક છે, પ્રથમ દૃષ્ટિએ જ અનુભવમાં આવે છે, એ જ અનુભવમાં આવશે. આ આકર્ષણ અને વિષયભોગના કાળમાં જે મનુષ્ય થોડી સરખી જાગૃતિ રાખી શકે છે, તે તેના કીચડમાંથી બહાર નીકળી જાય છે. પ્રભુકૃપાથી જાગૃતિ બધી વ્યક્તિ રાખી શકે છે. પ્રત્યેકની પાસે એટલું સામર્થ્યએ અને સાધન (અંતઃકરણ) પ્રાપ્ય છે. વિષયના આકર્ષણના સમયે જો વ્યક્તિ તણાઇ પણ જાય, પરંતુ જરાક જાગૃતિ પણ સાથે રાખી લ્યે, તો વારંવાર વિષય પ્રવાહમાં વહેવા-લપસી જવાં છતાં પણ સમય આવ્યે તેનાથી મુક્ત થવા લાગે છે.

અનુસંધાન પાના નં: ૧૧ પર

વૈદિક ઉપદેશ

# ત્યાગ

– આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર ○ અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર



કૃષન્નિત્ફાલ આશિતં કૃણોતિ યન્નધ્વાનમપવૃક્તે ચરિત્રૈઃ ।
વદન્બ્રહ્માવદતો વનીયાન્ પૃણા ન્નપિરપૃણન્તમભિષ્યાત્ ।।
– ઋગ્વેદ ૧૦/૧૧૭/૭

તમારી આગળ ત્યાગ કે દાનના વિષય ઉપર થોડા વિચારો પ્રસ્તુત કરવા માંગુ છું. દાનના વિષયમાં વેંદમા ઘણી જગ્યાએ ઘણું બધું લખેલ છે. જૂના સમયથી અત્યાર સુધી બધા લોકો દાન અને ત્યાગની મહિમા ગાયા કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણે દાન શા માટે કરીએ ? દાન કરવાથી તો આપણી હાનિ થાય છે, આપણું ઓછુ થાય છે. મેં આ મહિનામાં વેદમાંથી એ જ ઉપદેશ ગ્રહણ કર્યો છે કે આપણા માટે પોતાની ભલાઇનો ત્યાગ કરવો જોઇએ, એ જરૂરી છે. આ જ વાતનો આ લેખમાં વિસ્તારથી વર્ણન કરવાનો છું. દાનના વિષયમાં વેદમાં આમ તો બીજા પણ ઘણા ઉત્તમ વચનો છે, પરંતુ હું ઋગ્વેદના પ્રખ્યાત દાન સૂક્તમાંથી કેવળ એક મંત્રને તમારી આગળ રજૂ કરુ છું.

કૃષન્નિત્ફાલ આશિતં કૃણોતિ યદ્ધ્વાનમપવૃક્તે ચરિત્રૈઃ ।

ખેતી કરતા હળનો જે આગલો ભાગ (ફાલ) ખેડૂતને ભોજન કરનાર બનાવે છે અને માર્ગ ઉપર ચાલતો મનુષ્ય પોતાના ચાલવાથી ત્યાગ કરતો જાય છે. આ વેદ – વચનમાં આપણે શા માટે દાન કરવું જોઇએ એ વાત બે ઉપમાઓ (દાખલાઓ) દ્વારા સમજાવી છે. જો આપણે આ ઉપમાઓને સમજી લઇએ તો આપણે બધા દાનનુ માહાત્મ્ય સમજી લઇશું. પહેલા કહ્યું છે કે હળથી ખેતીનું કામ કર્યા કરીએ તો તે ખેતી માટે વધારે યોગ્ય થઇ જાય છે અને માલિકનુ પેટ ભરે છે. એનાથી ઊંધું જો તે પડી રહે તો કાટ ખાઇને જમીન ખેડવા માટે યોગ્ય રહેતુ નથી. એવી રીતે જ દાન કરવાથી મનુષ્યનું મનુષ્યત્વ (માનવતા) વધે છેઃ મનુષ્ય પોતાના કાર્યો કરવા માટે વધારે યોગ્ય બની જાય છે. હળ ઉપયોગમાં લેવાથી ઘસાય છે. પોતાના થોડા ભાગનો ત્યાગ કરે છે, તેથી અણીવાળુ બને છે, અર્થાત જે કામ માટે તે બન્યું છે, તે કરવામાં સમર્થ રહે છે. એનાથી ઊંધુ કાટ લાગી જવાથી તેનું વજન તો જરૂરી વધી જાય છે, પરંતુ પોતાના કાર્ય માટે યોગ્ય રહેતુ નથી. ખેડૂતને ભોજન આપવા માટે અયોગ્ય બની જાય છે. એવી રીતે મનુષ્ય દાન ન આપવાથી ખરેખર વધારે વસ્તુઓ વાળો થાય છે, પરંતુ તે વધારે સામાનનો ભાર જ તેને તે કાર્ય માટે યોગ્ય રહેવા દેતો નથી, જે કાર્ય માટે તેને સંસારમાં પેદા કર્યો છે. તેના ઉપર રૂપિયાનો કાટ લાગી જાય છે, તેથી તે પોતાના કર્તવ્યમાં તીક્ષ્ણ રહેતો નથી. આ તીક્ષ્ણતાને કાયમ રાખવા માટે ત્યાગ કરવો ઘણો જરૂરી છે.

ત્યાગના વિષયને વધારે સ્પષ્ટ કરે છે. તેમાં બતાવ્યું છે કે મનુષ્યે ચાલવા માટે ત્યાગ કરવો પડે છે. આ ત્યાગને લીધે જ તે આગળ પહોંચે છે. જેવી રીતે કે – જો મારે અહીંથી મારા ઘરે જવું છે તો હું એક પગલું આગળ મૂકીશ. એનાથી મને એક પગલા

આગળનું સ્થાન પ્રાપ્ત થઇ જશે. પરંતુ જો હું એમ કહું કે આ તો મારું સ્થાન બની ગયું છે, હું તેને છોડીશ નહી, તો હું બીજું પગલું ભરી શકતો નથી. અને કદીપણ પોતાના ઘરે - લક્ષ્ય ઉપર પહોંચી શકીશ નહિ. બીજું પગલું ભરવા માટે પાછલા પગલાથી મળેલ સ્થાન છોડવું જરૂરી છે. તેથી વેદમાં કહ્યું છે કે માર્ગ ઉપર ચાલતો મનુષ્ય ત્યાગ કરતો રહે છે .જ્યારે આપણે પોતાની ઉન્નતિની એક અવસ્થાએ પહોચી જઇએ છીએ, ત્યારે તેના પછીની ઊંચી અવસ્થામાં પહોંચવા માટે પહેલી અવસ્થાની બધી કમાણીને સ્વાહા કરવી પડે છે, હવન કરવો પડે છે, હવન તે આગનું નામ છે જે આપણને તેનાથી શ્રેષ્ઠ વસ્તુ બદલામાં આપે છે. હવન શબ્દ (દાનાદાનયો આદાને ચ) આ ધાતુથી બને છે. એના અર્થમાં દાન અને આદાન (દેવું અને લેવું) આ બે વિરોધી વાતો દેખાય છે. પરંતુ એ સાર્થક છે. એનો અર્થ થાય છે - દાન કરો આ દાન માટે. જ્યારે આપણે કોઇ વસ્તુનો ત્યાગ કરીએ છીએ, એટલા માટે કે તેનાથી વધારે ઉત્તમ વસ્તુ આપણને મળે, ત્યારે હવન કરીએ છીએ. અર્થશાસ્ત્રની ભાષામાં એને કહીએ તો - દાન વગર કોઇ વસ્તુ મળતી નથી. દાન આપવામાં ત્યાગ કરવાનો હોય છે, તેથી એનું શુદ્ધ રૂપ એ છે કે ત્યાગ વગર કોઇ વસ્તુ મળી શકતી નથી. ખરી રીતે મનુષ્યે પાછલી કમાણીને સ્વાહા કરીને અને આ રીતે હવનના માર્ગમાં ચાલીને આપણે પોતાના ઉદ્દેશ્ય ઉપર પહોચવાનું છે.

તમે આ ઉપમાઓ વિષે ખૂબ વિચાર કરો. તમે એના વિષે જેટલું વિચારશો તેટલાં પ્રમાણમાં જ દાનની જરૂર તમારામાં જાગૃત થશે. તમે ધીમે - ધીમે ત્યાગ કરવા માટે તૈયાર થઇ જશો. જ્યારે મનુષ્ય દાન આપે છે, ત્યાગ કરે છે, ત્યારે તેને ત્યાં નવી - નવી વસ્તુઓનું આગમન થાય છે. જેવી રીતે એક જળ પ્રવાહને અટકાવવામાં આવે છે તો તે જળના પ્રવાહનું આગમન પણ મંદ પડી જાય છે. અથવા એવી રીતે સમજો કે એક બાળકની પાસે પાણીથી ભરેલો વાટકો છે અને તે માતા પાસેથી દૂધ લેવા માંગે છે. જો તે એમ ઇચ્છે કે હું પાણીનો ત્યાગ પણ ન કરું, તો તે દુધ શેમાં લેશે ? તેણે ઉત્તમ વસ્તુ લેવા માટે પહેલાની વસ્તુનો ત્યાગ કરીને ખાલી જગ્યા બનાવવી પડશે. મનુષ્ય શરીરમાંથી થોડો ત્યાગ કરે છે, ત્યારે તે નવું ભોજન લેવા માટે યોગ્ય બને છે. આપણે શ્વાસ બહાર કાઢીએ ત્યારેજ અંદર શ્વાસ લઇ શકીએ છીએ. જો આપણે અંદર જ શ્વાસ લેતા રહીએ અને શ્વાસને બહાર ન કાઢીએ તો આપણે જીવતા રહી શકીએ છીએ ? પરંતુ આપણે જોઇશું કે જેટલી સારી રીતે આપણે શ્વાસ બહાર કાઢીશું તેટલા જ વધારે શ્વાસ અંદર લઇ શકીશું. ઉપવાસ શાસ્ત્રના જાણકારો કહે છે કે ઉપવાસના દિવસોમાં આપણું શરીર જેટલા પ્રમાણમાં ઓછું થાય છે, ત્યાર પછી ભોજન કરવાથી તેનાથી ચારગણી વધારે ઝડપથી આપણુ શરીર દરરોજ વધે છે. કારણ કે ત્યાગની ક્રિયામાં શરીર શુદ્ધ થાય છે અને શુદ્ધ શરીરમાં ગ્રહણ કરવાની શક્તિ વધે છે. તેથી ત્યાગ કરવુ એ કોઇ દિવસ ખોટનો ધંધો તો નથી જ પરંતુ જીવતા રહેવા માટે ત્યાગ જરૂરી છે. ઉચ્ચ સંપત્તિ પ્રાપ્ત કરવાનો ઉપાય જ દાન છે. જે મનુષ્ય દાન ન આપીને પોતાની સંપત્તિ વધારે છે, તે ઘણી મોટી ભૂલ કરી રહ્યો હોય છે, કે જે ધન તેના માટે નથી તેને નકામુ પોતાની પાસે રાખે છે.

તે પોતાની અસ્વસ્થ વૃદ્ધિ કરે છે એનું પરિણામ એ કે ચોરી, આગ લાગવી, બેંક ફેલ જેવી વગેરે સેંકડો રીતે તેની પાસેથી આ ધન ઝુંટવી લેવામાં આવે છે. કારણ કે ઇશ્વરીય નિયમો પ્રમાણે તે વસ્તુ જ આપણી પાસે રહી શકે છે, જે આપણા ભલા માટે છે. જો આવી રીતે આપણે ખુશીથી ત્યાગ કરતા નથી તો આપણા પાસેથી ઝુંટવી લેવામાં આવે છે.

એ જ આપણા અને પાશ્ચાત્ય સભ્યતામાં એકજ મોટો તફાવત છે. પશ્ચિમોમાં ગરીબો જ્યાં સુધી અકળાઇને ધનવાનોને લુંટી નથી લેતા ત્યાં સુધી ગરીબોના અધિકારનો સ્વીકાર થતો નથી. પરંતુ ભારતીય સભ્યતામાં પોતે જ દાન આપવું એ દરેકનું આવશ્યક કર્તવ્ય છે. આપણા પાંચ મહાયજ્ઞો બીજું શું છે ? એ બધું માંગ્યા વગર આપવાનુ છે. દાખલા તરીકે અતિથિઓને જમાડે અને જમાડયા વગર પોતે ન જમે, તે અતિથિયજ્ઞ છે. ભારતના ઇતિહાસમાં એવી ઘણી વાતો પ્રખ્યાત છે કે ગૃહસ્થી ઘણા દિવસો સુધી ભૂખ્યો રહ્યો હોય અને અને આવેલા અતિથિને પોતાનુ બધું આપી દીધું. એને લીધે જ તે સમયના સમાજમાં શાંતિ હતી. દરેક મનુષ્ય પોતાનામાં પૂર્ણ હોતો નથી. બીજા સાથે લેન - દેન કર્યા વગર સમાજ ચાલી શકે નહિ. તેથી તે સમયે દરેક માટે દાન આપવાનું કર્તવ્ય નક્કી કરવામાં આવ્યું હતું. અને તેથી જ બીજાનું ઝુંટવી લેવાની જરૂર જ પડતી ન હતી. સમાજવાદ અને સામ્યવાદ વગેરે કંઇ કરી શકતા નથી, જ્યાં સુધી સમાજમાં દાનની ભાવના ઉત્પન્ન કરવામાં ન આવે. આ દાનની ભાવનાને વધારવા માટેની રીત છે રૂપિયાની કદરને ઓછી કરવી રૂપિયાથી હજારો ગણુ શ્રેષ્ઠ દાન છે - જ્ઞાન . તે સમયે જ્ઞાનરૂપી ધનવાનની કદર થતી હતી. બ્રાહ્મણ - જેની પાસે બીજા ટંકનુ ખાવાનું પણ હોતું નથી, તેને રાજા કરતા પણ મોટો માનવામાં આવતો હતો. આજના મોટા માણસોની ઓળખાણ કે કદર રૂપિયાથી છે. જે મનુષ્ય તે રૂપિયાની જરૂર અનુભવ કરતો નથી તો પણ તેને આ ધન રાખવુ પડે છે. કારણ કે મનુષ્યની યોગ્યતા એમાં જ છે કે કોણ કેટલું કમાય છે અને કેટલો ત્યાગ કરે છે. એની જગ્યાએ એમ જોવામાં આવે છે કે કોને કેટલો વધારે પગાર મળે છે. આવી રીતે જ્યારે જ્ઞાનીઓને પણ ધન ભેગું કરવાનું હોય , ત્યારે બિચારા વૈશ્યો અને શુદ્રો માટે શું બાકી રહે ? બસ, તેથી જ આ ઝઘડા છે. જો બ્રાહ્મણ અપરિગ્રહ ને ધારણ કરે અને તેમની પૂજા જ્ઞાનને લીધે થાય અને ક્ષત્રિયની પૂજા તેની શુરવીરતા , બળ અને સાહસને લીધે થાય તો આ ધન પોતે જ, જેના અધિકારી છે, તે વૈશ્યો અને શૂદ્રો પાસે પહોચી જાય. પરંતુ એ ત્યારે જ થઇ શકે છે જ્યારે સમાજમાં ત્યાગને મહત્તા આપવામાં આવે. દરેક ગૃહસ્થી પંચમહાયજ્ઞ કરે અર્થાત્ જુદી જુદી રીતે આપવું, તેને પોતાનું કર્તવ્ય માને અને દરરોજ યજ્ઞ કરે એવી સભ્યતાનો આશ્રય લેવાથી જ સમાજમાં શાંતિ રહી શકે.

થોડા મહિના પહેલાં મોર્ડન રિવ્યુ નામના માસિકપત્રમાં એક નોંધ કરવામાં આવી હતી. એનું મથાળું હતું - જંગલી. એમાં એક દર્શક આફ્રિકાની એક જંગલી જાતિ (જે અસભ્ય છે કપડાં પણ પહેરતી નથી) ના એક પરિવારનું પોતે જોયેલ બનાવનું વર્ણન

કર્યું છે. તેજંગલીને બે દિવસ સુધી ભોજન મળ્યું નહિ,તેથી તેની સ્ત્રી અને બાળકો દૂબળા પડી ગયા. ત્રીજે દિવસે તે શિકાર કરી શક્યો. તેણે રાંધવાની શરૂઆત કરી, બાળકો અર્ધા રંધાયેલા ખોરાક્ને ખાવા તૈયાર થઇ ગયા હતા. પરંતુ માતા - પિતાએ શાંતિથી સમજાવ્યાથ. જ્યારે ભોજન તૈયાર થઇ ગયું ત્યારે તેને હાથમાં લઇને તે જંગલી પોતાની ઝુંપડીની બહાર નીકળયો અને બહાર ઊભા રહીને જોરથી બૂમ પાડી - શું કોઇ ભૂખ્યો છે ? તે ભોજન કરી લે. પછી બીજી દિશામાં ઊભો રહીને જોરથી બોલ્યો - જો કોઇને ભોજનની જરૂર હોય તો તે અમારી સાથે આવી જાય.પછી ત્રીજી દિશામાં ઊભા થઇને બૂમ પાડી કે - જો કોઇને ભોજનની જરૂર હોય તો તે અમારી સાથે આવી જાય. આવી રીતે તેણે ચારે દિશામાં ભોજન ખાનારને એટલા મોટા અવાજથી બોલાવ્યાં જાણે કે તેનો અવાજ આખા આફ્રિકામાં ફરી વળશે. પછી થોડીવાર પ્રતિક્ષા કરી. જ્યારે કોઇ બાજુથી કોઇ અવાજ આવ્યો નહિ, ત્યારે પરિવારના ભૂખ્યા લોકોએ ત્રીજા દિવસે તે ભોજન કર્યું. શું તે અસભ્ય છે ? કે આપણે અસભ્ય છીએ ? આપણે તો બીજાના કોળિયાને ઝુંટવી લેવાનો પ્રયત્ન કર્યા કરીએ છીએ. તને ગમે તે વસ્તુનું નામ સભ્યતા પાડો પરંતુ જે સમાજમાં દરેક મનુષ્ય બીજાઓને ભૂખ્યા ન રાખીને છેલ્લે પોતે ખાય છે, તે સમાજમાં જ બધા લોકો સુખી થઇ શકે છે અને બધાને સુખ જ જોઇએ છે.પછી ભલે તમે તે સમાજને સભ્ય કહો કે અસભ્ય. તેથી આ જ સૂક્તમાં વેદે કહ્યું છે -

**કેવલાઘો ભવતિ કેવલાદી**

"એકલો ભોજન કરનાર કેવળ પાપ જ ખાય છે."

એનો જ પડઘો શ્રીકૃષ્ણે ગીતાજીમાં પાડયો છે -

**ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મ કારણાત્**

"જે પાપી લોકો પોતાના શરીરના પોષણ માટે જ રાંધે છે, તે તો પાપ જ ખાય છે."

જે સમાજમાં બીજાને ખવડાવ્યા વગર ખાવું પાપ માનવામાં આવે, ત્યાં જ સ્વભાવિક સુખ - શાંતિ વિરાજમાન થઇ શકે છે, પરંતુ બિચારા પશુ - પક્ષી વગેરે એકદમ નિઃસહાય હોયછે. વૈદિક સભ્યતામાં દરરોજ બલિ વૈશ્વદેવ યજ્ઞ કરીને તેમનો ભાગ પણ તેમને આપવામાં આવે છે. વૈદિક સભ્યતામાં એ જ વિશેષતા છે. તેથી ઓછામાં ઓછા આર્યસમાજમાં તો દરેક વ્યક્તિએ પોતાનો વ્યક્તિગત લાભ સમજીને ત્યાગ કરવો જોઇએ. અને દાન ને પોતાનો પ્રાણ સમજવો જોઇએ. આવી રીતે જો આપણે પહેલાં આપણા સમાજમાં સુધાર કરીશું,તો પોતાના સમાજને વૈદિકધર્મી બનાવીશું, તો જ આપણે સંસારની સમસ્યાઓનો પણ વૈદિક આચરણ દ્વારા નિકાલ લાવી શકીશું.

કદાચ તમે કહેશો કે ત્યાગની મહિમા સાંભળીને પણ અમારામાં શ્રદ્ધા થતી નથી, વિશ્વાસ થતો નથી કે ત્યાગ કરવાથી અવશ્ય લાભ થશે. છતાં મારી બુદ્ધિ પ્રમાણે તો તમારે વેદવાક્ય ઉપર વિશ્વાસ રાખવો જોઇએ અને ત્યાગ કરવાનો પ્રારંભ કરવો જોઇએ.

એ વાત બરાબર છે કે શ્રદ્ધા વગર કોઇ પ્રવૃતિ થતી નથી, પરંતુ શ્રદ્ધા પણ કંઇને કંઇ પ્રવૃતિ કરવાથી થાય છે. અને એ સમજીને કે વેદ ત્યાગનો ઉપદેશ કરે છે અને આચાર્ય દયાનંદનું જીવન પણ આપણને એ જ બતાવે છે,તમે એક વખત ત્યાગ કરો. ત્યાગ કરવાથી તમને આનંદ થશે,તેને લીધે ત્યાગમાં શ્રદ્ધા થઇ જશે. તે શ્રદ્ધાને વશ થઇને તમે જેમ જેમ વધારે ત્યાગ કરશો તેમ તેમ તમારી શ્રદ્ધા વધતી જશે અને એક દિવસ આવશે જ્યારે તમે પોતાનો સર્વસ્વનો પણ ત્યાગ કરશો અને એને રમતની વાત માનશો. છતાં શ્રદ્ધા ન થતી હોય તો પણ ત્યાગ તરફ કદમ માંડો.કદમ આગળ મૂકવાથી શ્રદ્ધા પણ પોતે જ આવશે. મને અહીં કવિ શ્રી રવીન્દ્રનાથ ઠાકુરનું એક હ્રદયગીત યાદ આવે છે.તેનો હિન્દી અનુવાદ હું સંભળાવવા માંગુ છું. તમે ધ્યાનથી સાંભળો.

"હું ગામની ગલીમાં ઘરે ઘરે ભીખ માંગતો ફરતો હતો, જ્યારે એક ભવ્ય સ્વપ્નની જેમ તારો સ્વર્ણમય રથ દૂરથી દેખાયો અને હું નવાઇ પામ્યો. આ રાજાઓનો રાજા કોણ છે ?"

"મારી આશાઓ ખૂબ વધી ગઇ અને મેં વિચાર્યુ કે મારા ખરાબ દિવસોનો અંત આવી ગયો છે અને હું એ પ્રતિક્ષામાં ઊભો રહી ગયો કે મને માંગ્યા વગર ભીક્ષા મળશે અને ધુળ ઉપર જ બધી સોનામહોરોનો વરસાદ ચારે બાજુથી થઇ જશે."

"આ રથ મારી પાસે આવીને ઊભો રહી ગયો.તારી દૃષ્ટિ મારા ઉપર પડી અને હાસ્ય સાથે નીચે ઊતર્યો. મને અનુભવ થયો કે છેલ્લે ભાગ્યોદય થઇ ગયો છે"

"ત્યારે તેં એકદમ તારો જમણો હાથ લાંબો કર્યો અને કહ્યું કે તારી પાસે મને આપવા માટે શું છે?"

"ઓહ ! આ કેવો રાજકીય ઉપહાસ હતો કે ભિખારી આગળ પોતાનો હાથ પસાર્યો. મને કંઇ સમજ ન પડી અને હું ઊભો રહી ગયો. અને પછી પોતાની ઝોલીમાંથી ધીમેથી એક ઘણો જ નાનો અનાજનો દાણો કાઢ્યો અને તને આપી દીધો."

"પરંતુ હું નવાઇ પામ્યો જ્યારે તેં સાંજે ઝોલી ખાલી કરી કે જોયું કે ભીખની આ તુચ્છ ઢગલીમાં સોનાનો એક નાનો કણ હતો. હું ખૂબ રડયો અને પસ્તાવો કરવા લાગ્યો કે, હાય ! મને તમારા માટે હું મારું સર્વસ્વ આપવાની હિંમત કેમ ન કરી શક્યો !"

બધા મનુષ્યો ઐશ્વર્ય ઇચ્છે છે અને ઐશ્વયવાન પરમાત્મા પાસેથી આપણને ખરેખર બધું મળી શકે છે. પરંતુ પરમાત્મા સદા આપણને પૂછતા રહે છે કે તમે કેટલું દાન કરો છો ? આપણને પાછળથી ખબર પડે છે કે આપણો થોડો ત્યાગ સુવર્ણમય બની જાય છેં .ત્યારે મનુષ્યને ત્યાગમાં શ્રદ્ધા થાય છે. ત્યારે તે પસ્તાવો કરે છે કે જો મેં સર્વસ્વ આપી દીધું હોત તો કેટલુ સારું હતું. કદાચ આપણને પણ એવો પસ્તાવાનો વખત આવે. તેથી આવો, ઇશ્વર પાસે હિંમત માંગો. તે આપણને ત્યાગ કરવાની હિંમત આપશે.એનાથી ગભરાવું નહિ કે આપવાથી તમારો નાશ થશે.એવું કદી નહિ થાય. આપણે જેટલા પ્રમાણમાં ત્યાગ કરીશું, તેટલા પ્રમાણમાં ઉચ્ચ ઐશ્વર્ય મેળવી શકીશું.મહાત્માઓ જે પોતાનું બધું જ ત્યાગી દે છે, તેમને આખા સંસારનું ઐશ્વર્ય મળી જાય છે.આપણા આચાર્ય સ્વામી દયાનંદ તે મહાત્માઓમાંથી એક હતા. તે જે કુળમાં ઉત્પન્ન થયા હતા તે કુળ કુલિન

અનુસંધાન પાના નં. ૧૧ પર

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા :** सप्त मर्यादा कक्षयस्तत क्षुस्ता सा मिदेकामभ्यं हुरो गात ।
अयोर्ह रुकम्भ उपमस्य नीडे पथां विसर्गे धरुणेषु तस्थौ ॥
अथर्व० ५/१/६

અજ્ઞાની મહાત્માઓએ સાત મર્યાદાઓ બનાવી છે, જો મનુષ્ય તેમાંથી એકનું પણ ઉલ્લંઘન કરે તો તે પાપી ગણાય છે. પ્રશ્ન એ છે કે સાત મર્યાદાઓ કઇ છે કે જેનાથી મનુષ્ય પાપી ગણાય છે? બીજું, જનોઇને કાનમાં લપેટવાથી પરંપરાનો વૈદિક આધાર શું છે?

**સમાધાન (૧) :** અથર્વવેદમાં જણાવેલ સાત મર્યાદાઓ કઇ છે એ લખતા પહેલા મર્યાદા શબ્દને સમજી લઇએ. બધાં જડ-ચેતનને સીમા, કિનારો, છોડો, હદ વગેરે. પરમેશ્વરે મર્યાદામાં રહે છે તે ઉન્નતિ કરે છે. અને જેણે મર્યાદાનું અતિક્રમણ કર્યુ તેણે હાનિ ઊઠાવવી પડી. આથી પરમાત્માએ માનવ-ઉન્નતિ માટે સાત મર્યાદાઓ કહેલ છે, અને તેને નહીં ઓળંગવાનો સંકેત કર્યો છે. તે સાત મર્યાદાઓમાં મહર્ષિ યાસ્કે પોતાના ગ્રન્થ નિરુકતમાં સમજાવેલ છે. सप्तैव मर्यादा: कवपश्चंकुस्तासामेक्रामप्य भिगच्छ त्रंहस्वाम् भवति स्तयं तल्पारोहणं ब्रह्महत्यां भ्रुणहत्यां सुरपान दुष्कृतस्य कर्मण: पुन: पुन: सेवा पातकेडनृतोद्यमिति ॥

એટલે કે સાત મર્યાદાઓ ક્રાન્તદર્શી ઋષિઓએ સંપૂર્ણ ધર્મનો વિચાર કરીને બનાવી. તે પૈકી એકનું પણ ઉલંઘન કરવામાં આવે તો તે મનુષ્ય પાપવાન્ બને છે.

૧. स्तेयम – ચોરી, ૨. तल्पारोहणम् – બીજાની પથારી ઉપર ચઢવું અર્થાત્ વ્યાભિચાર કરવો, ૩. ब्रह्महत्याम् – વેદપાઠી ધાર્મિક બ્રાહ્મણની હત્યા, ૪. भ्रूणहत्याम् – ગર્ભસ્થ શિશુની હત્યા, ૫. सुरापानम् – મદ્યપાન (નશો કરવો), ૬. –दुष्कृतस्य कर्मण: पुन: पुन: सेवाम् – દુષ્ટકર્મ વારંવાર કરવું, ૭. –पातकेड नृतोद्यम् – દુષ્ટકર્મ વારંવાર કરવું, ૭. પાપ કરીને ખોટુ બોલવું. આ સાત મર્યાદાઓનો સંકેત વેદમાં કરેલ છે.

(૨) જનોઇ કાનમાં લપેડવાની પરમ્પરાનો કોઇ વૈદિક આધાર વાંચવા કે સાંભળવા મળેલ નથી. એવું બની શકે કે અગાઉના લોકો ઉત્તરીય (ઉપરનું વસ્ત્ર) ઓછું પહેરતા હતા અને જનોઇ કમરની નીચે સુધી પહોંચતી હશે. ઉપર વસ્ત્ર ન હોવાથી લઘુશંકા વગેરે કરતી વખતે જનોઇ જમીનને અડકતી હશે આથી સુવિધાની દૃષ્ટિએ તે સમયે જનોઇ કાન ઉપર ચડાવી દેતા હશે. પાછળથી તે

પરંપરા બની ગઇ, વર્તમાનમાં તેમ કરવાની કોઇ જરૂર નથી. કારણકે હવે તો ઉપર પૂરા વસ્ત્રો પહેરાવામાં આવે છે, જેથી જનોઇ જમીનને અડકતી જ નથી. જ્યારે જનોઇ જમીનને અડકતી જ નથી તો કાન ઉપર ચડાવવાની શી જરૂર છે? હા! જે કોઇની જનોઇ નીચે અડકતી હોય તેઓ કાન ઉપર લપેટી શકે છે.

અનુસંધાન પાના નં. ૯ પરનું ચાલું... વૈદિક ઉપદેશ - ત્યાગ

હતું, તે ઘણું પ્રતિષ્ઠિત કુળ હતું. તે કુળ પાસે ઘણી જમીનો વગેરે હતું. એમણે આ બધી સંપત્તિનો - ભોગનો ત્યાગ કર્યો અને ત્યાગીને તેમણે ઉચ્ચ ઐશ્વર્ય મેળવ્યું. તેને પણ લોકોના ઉપકાર માટે ત્યજી દીધું. તેનાથી પોતે કોઇ જાતનો ભોગ ભોગવ્યો નહિ. તેથી તે ભગવાનના સાચા પુત્રોમાંના એક થયા, જે પોતાનું બધુ ત્યાગીને ઇશ્વરના બધા ઐશ્વર્ય ઉપર પોતાનો અધિકાર કરે છે. આર્યસમાજીઓએ પણ આ ત્યાગના પગથિયા ચઢીને હવનના પગલાઓ દ્વારા તે સ્થાન ઉપર પહોંચીએ, જે આપણા આચાર્યે પ્રાપ્ત કર્યુ હતું.

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલું... આધ્યાત્મિક ચિંતન - થોડી જ જાગૃતિ

પ્રભુ કૃપાથી સંસારમાં વિષયભોગ, આકર્ષણ, ઐશ્વર્ય એવાં ક્યારે નહતાં, ન અત્યારે છે કે ભવિષ્યમાં હશે કે જેમાં મનુષ્ય હંમેશા ફસાયેલો જ રહે. સ્હેજ જાગૃતિ રાખવાથી મનુષ્ય સ્વયંને વિષય પ્રવાહમાં લાંબો સમય સહન નથી કરી શકતો. આત્માને જે શાંતિની અભિલાષા છે, તે ત્યાં હોતી જ નથી, તો આત્મા તેને કેમ સહન કરી શકે? જો જાગૃતિ નથી તો તેને સંસારના સુખ જ અંતિમ સુખ જણાશે, ત્યારે તો સંસારના દુઃખોને ભોગવતા ભોગવતા, તેનાથી પીડિત થતાં થતાં, તેનાથી પીસાતો હોવા છતાં પણ તે સંસારના સુખોને મેળવવાની તૃષ્ણામાં ડૂબેલો જ રહેશે.

પ્રભુ કૃપાથી આ થોડી જ જાગૃતિ માટે જેટલું જ્ઞાન, જેટલી સમજણ પ્રારંભમાં જોઇએ. તે દરેક મનુષ્યને મળી રહે છે. જો આ થોડી જ સમજણ, થોડું જ જ્ઞાન, થોડા જ અનુભવની રક્ષા કરવામાં આવે, તેને રક્ષિત કરવા અને વધારવાનો પ્રયત્ન કરવામાં આવે તો આ અનુભવ જ્ઞાન-સમજણ મનુષ્યને સાધના-પથ પર પ્રવૃત્ત અને સ્થિર કરવાનું સર્વપ્રમુખ અને નિશ્ચિત કારણ બની જાય છે. આવી વ્યક્તિ સાધના ન કરી શકવાનો દોષ સંસાર, સમાજ, પરિસ્થિતિ વગેરેને નથી દેતો. સંસાર, સમાજ, પરિસ્થિતિ વગેરે વિપરીત હોવા છતાં પણ તે આ અનુભવ - જ્ઞાન - સમજણના આધારે પોતાની આંતરિક અવસ્થા એવી બનાવી લે છે કે બહારના વિઘ્નો તેને સાધનાથી વિમુખ નથી કરી શક્તાં. જો થોડું વિચલન આવે તો તે એક નવો અનુભવ દઇને જાય છે, નવી સમજણ દઇને જાય છે. આ જ સમજણ-જાગૃતિ તેને વધારે સબળ બનાવી દે છે, તે ફરીને સાધના-પથ પર આરૂઢ અને સ્થિર થઇ પોતાના ચરમ લક્ષ્યને મેળવવામાં સંલગ્ન થઇ જાય છે.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**– સહસંપાદક**

ગતાકથી ચાલુ....

તેઓ કહેતા હતા તમે તો જાદુગર છો. કોઇ એ કહ્યું મારી ઊંટણી માટે તાવીજ લખીદો, કેમ કે તે બે દિવસથી કંઇ ખાતી નથી. કોઇ એ કહ્યું અમારી બકરીઓ માટે તાવીજ લખી દો કેમ કે વરૂઓ આવીને તેને ઉપાડી જાય છે. વળી કોઇ મારી પાસે તાવીજ બનાવડાવીને જિન્ન – ભુતને વશ કરવા ઇચ્છાતા હતા. આમ ઘણા સમય સુધી ચાલ્યુ મને આવા તાવીજ વગેરેમાં વિશ્વાસ ન હતો, પરંતુ તેઓના આગ્રહથી કાગળ – પેન્સિલ હાથમાં લીધાં અને સંસ્કૃતમાં ગાયત્રી મંત્ર લખવા લાગ્યો.

રાત્રિ નિવાસ મેં તેમને ત્યાં જ કર્યો. તે લોકો મારા અસીમ ભક્ત બની ગયા. બીજા દિવસે ત્યાંથી વિદાય લેવા તૈયારી કરી તો તેઓએ હજુ રોકાય જવા વિનંતી કરી, પણ મે તેઓને સમજાવ્યુ કે મારે દૂર જવાનું છે, મારી પાસે વધુ સમય નથી. તેઓ મને સવારી માટે ઊંટડી આપવા લાગ્યાં પરંતુ મેં ના પાડી કારણકે હું પગપાળા જ ચાલવાનું પસંદ કરતો હતો. આથી ઊંટડી લેવાની ના પાડી ચાલતી વખતે તેમના મુખિયાએ એક નાનો પથ્થર આપતા કહ્યુ – રસ્તામાં જે બહુ લોકો પરેશાન કરે તો આ પથ્થર બતાવી દેજો.

કેટલાંક દિવસો આ પાસપોર્ટ ચાલ્યો જ્યારે તેમની હદ પૂરી થઇ તો બીજા બદુઓના મુખિયાએ એક નાની લાઠી આપી. ત્રીજા પ્રદેશમાં એક સફેદ રંગનું કપડુ મળ્યું. બદુઓ માટે આ બધા પાસપોર્ટ છે. અંતે હું દુબઇ પહોંચી ગયો. આ પણ મોટુ બંદર છે. ખાલીજ ફારીશના કિનારે છે. ત્યાંના બાદશાહ શેખ શઇદ છે. હું તેમને મળ્યો. તેમણે શાહી અતિથિ ગૃહમાં મારા ઉતારાની વ્યવસ્થા કરી આપી. ત્યાંના દરેક મુસલમાનોને શેખ કહેવામાં આવે છે. જેમ આપણે ત્યાં દરેક હિન્દુને મહાશય કહેવામાં આવે છે. ભારતમાં શેખ શબ્દ જે અર્થમાં લેવામાં આવે છે તે અર્થમાં અરબમાં લેવાનો નથી. શેખ સઇદ એક સારો અને વિદ્વાન વ્યક્તિ છે. જેના વખાણ કર્યા વિના હું રહી શકતો નથી. તે દરેક સારી બાબતને જલ્દીથી સ્વીકારી લે છે, પછી ભલે તે કોઇ પણ ધર્મની

હોય. હું તેનો આભારી છું કે તેણે મને હિજબુલ્લાહ (આર્યધર્મ) ના પ્રચારની રજા આપી અને ખૂબ મદદ પણ કરી.

દુબઈમાં ભારતથી ગયેલા હિન્દુ અને મુસલમાનો પણ છે. મેં ત્યાં વૈદિક પુસ્તકાલય અને જમીયતુલ હિજબુલ્લાહ (આર્યસમાજ) ની સ્થાપના કરી. અહીં પણ હિન્દુ ભાઈઓ તરફથી મારા માટે કેટલાય સ્વાગત અને ભોજનના કાર્યક્રમો થયાં. અહી હું આઠ દિવસ રોકાયો. હું દુબઈના તમામ આરબોમાં નિયમિત પ્રચાર કરતો હતો. તેઓ ખૂબ પ્રસન્ન થતા હતા. અને મને હંમેશા રોકાવા માટે કહેતા હતા. અહીં ઈરાની ફારસી લોકો કે જેઓ શિયા છે. તેઓ મોટી સંખ્યામાં વસેલા છે. તેઓ વેપાર કરે છે. અહીંના અરબી લોકો સવારમાં નાસ્તો ખજુરનો કરે છે. અને પછી કોફી પીએ છે બપોરના પણ ખૂબ ખજૂર ખાય છે. રાત્રિના ભાત અને મચ્છી ખાય છે. અહીં દરેક વ્યક્તિ માછલાં પકડે છે. દર પંદર દિવસે સમુદ્રી જહાજ આવે છે. અરબીની ઘણી પાઠશાળોઓ છે. પરંતુ શોક ! શેખ સાહેબ અને ધનવાન લોકોએ અહીં પણ ગુલામ રાખ્યાં છે. અને ગુલામની સ્ત્રીઓ સાથે પણ એવો જ વહેવાર કરે છે. મેં તેઓને સ્વતંત્ર કરાવવા માટે ઘણાં પ્રયત્નો કર્યા. અહીં પ્રચાર કરીને હું કતાર જવા નીકળ્યો.

## કતાર જવા રવાના

હું જ્યારે નાવમાં બેસવા ગયો ત્યારે ત્યાંના અરબી હિન્દુ અને શેખ ભાઈઓ મને કિનારા સુધી મુકવા આવ્યાં. મારા માટે ખાવાની વસ્તુઓ નાવમાં રાખી દીધી. શેખ સાહેબે ઘણા બધાં લીંબુ આપ્યા હતાં કે જેથી નાવમાં ચક્કર આવે તો એ ચૂસી શકાય. એનાથી ચક્કર આવતા નથી. હિન્દુ ભાઈઓ તરફથી કેટલાય પ્રકારની મિઠાઈ અને અન્ય ખાવા - પીવાની વસ્તુઓ આપવામાં આવી. આ વસ્તુઓ મારા માટે સાત દિવસ ચાલે એટલી હતી. હું વેદમંત્રોનું ઉચ્ચારણ કરતા - કરતા નાવમાં બેઠો. નાવ ચાલવા લાગી.

હવાની ગતિ સારી હતી આથી નાવ વેગથી ચાલતી હતી. પછી ત્રણ - ચાર કલાક વિત્યા ત્યાં મને ખૂબ ચક્કર આવવા લાગ્યાં, હું બેભાન થઈ ગયો. ઉલ્ટી થવા લાગી. નાવમાં જ નીચે સુઈ ગયો. થોડું પણ માથું ઊંચુ કરતો તો ઉલ્ટી થવા લાગતી. આથી મેં ત્રણ દિવસ કંઈ ખાધુ જ નહિ. માત્ર લીંબુ ચુસતો રહ્યો. આથી મને રાહત હતી.

ત્રણ દિવસ પછી ભૂખ લાગવા લાગી. હવે બેસતો તો ચક્કર આવતા ન હતા. મને ટોપલી ભરીને જે મિઠાઈ મળી હતી. તે એક જ દિવસમાં ખાઈ ગયો. બીજા દિવસ માટે માત્ર શેકેલા ચણા રહ્યાં. એ ખાઈને માંડ બપોર પણ ખૂબ ભૂખ લાગી હતી. મારી સાથેના અરબીઓ ભાત અને મચ્છી રાંધતા હતાં. માછલાં તો તેમને સમુદ્રમાંથી જ મળી જતા હતા. ચાલતી હોડીઓમાં

માછલા પકડી લેતા હતા.

જ્યાં તેઓએ પોતાનું રાંધેલું ખાઇ લીધું પછી મેં તેઓને મચ્છી અને માંસ ન ખાવાનો ઉપદેશ આપ્યો. જેથી તેઓ ખૂબ ખુશ થયાં. તેઓએ મારી પાસેથી ચોખા લઇને મને રાંધી આપ્યાં. તેઓ પાસે ખજૂર હતો તે મને આપ્યો. મેં ભાત અને ખજૂર ખાધાં. ત્યાર બાદ મેં તેમને ચા બનાવી આપી. મેં તેઓને એક-એક કપ ચા આપી. તેઓ કોફીના વ્યસની હતાં. તેના વિના તેઓ દુઃખી. મારી ચા પીને તેઓ ખૂબ રાજી થયાં.

હું નાવમાં પ્રવાસ દરમ્યાન ચારે તરફ નજર દોડાવતો હતો. બધી બાજુ પાણી જ દેખાતુ હતું. ઉપર વાદળી રંગનુ આકાશ બહુ જ સુંદર લાગતુ હતું. ભાનમાં આવ્યા પછી બે દિવસ સુધી અરબીઓને ઉપદશ સંભળાવતો રહ્યો, જેનો તેમની ઉપર ખૂબ પ્રભાવ પડયો. આથી તેઓ મારૂ ખૂબ સંમ્માન કરતા હતા.

આમ પાંચમાં દિવસે હું કતાર પહોંચી ગયો. નાવમાંથી ઉતરી ધરતી પર પગ રાખતા જ ઇશ્વરનો આભાર માન્યો. નાવમાં શુદ્ધ વાયુ મળવાથી સ્વાસ્થ્ય પણ સારુ થઇ ગયું હતું. મેં મારા શરીરમાં પહેલા કરતા ઘણી સારી સ્ફુર્તિનો અનુભવ કર્યો.

કતારનો શાસક શેખ અબ્દુલ્લા બિન કાસીમ છે. ત્યાં એક કિલ્લો પણ છે. પરંતુ તે તેમાં રહેતો નથી. કિલ્લામાં તેનો નાયબ રહે છે. તે પોતે બેંક માઇલ દૂરના એક નાના ગામમાં રહે છે. અને પોતાનુ કાર્યાલય ત્યાં જ રાખ્યું છે. કતારમાં કોઇ ખાસ ખેતી - વાડી નથી. પરંતુ ત્યાંના લોકો સમુદ્રમાંથી મોતી કાઢે છે. મોતી કાઢવાનું કામ માત્ર ત્રણ મહિના ચાલે છે.

અહીં પણ થોડા દિવસ રોકાઇને પ્રચાર કર્યો. જેનો તેમના ઉપર સારો પ્રભાવ પડયો. અહીં ગુલામોને ખૂબ અન્યાય કરવામાં આવે છે. બિચારા ગુલામો પાસેથી દિવસ - રાત કામ લેવામાં આવે છે છતા પણ તેઓને પૂરતુ ખાવાનું પણ મળતુ નથી. થોડી સરખી ભૂલ થાય તો કોડા મારવામાં આવે છે. અહીંથી અરબનું વિશાળ સુનસાન જંગલ શરૂ થાય છે. પ્રથમ મારે અલહશા (નજદ) જવાનું હતું, કારણ કે ત્યાંથી માત્ર બાર દિવસનો જ રસ્તો છે.

મે મારો સામાન તૈયાર કરીને યાત્રા શરૂ કરી. સદસનસીબે ત્રણ અરબીઓ પણ તેજ દિશામાં જઇ રહ્યા હતા. તેઓનો મને સંગાથ મળી ગયો. રસ્તામાં સુનસાન જંગલ હતું. વૃક્ષોનું નામ નિશાન ન હતું. માણસ તો ઠીક પશુ - પક્ષી પણ નજરે ચડતા ન હતાં. અમે જે પાણી સાથે લીધું હતુ તે બે દિવસમાં વપરાઇ ગયું. ત્રીજા દિવસની યાત્રા શરૂ કરી તો તરસથી વ્યાકુળ થઇ ગયા. ચોથા દિવસે સવારે અમે કતાર પાછા જવા લાગ્યાં, કારણ કે રસ્તામાં પાણી મળવાની જરાય આશા ન હતી. રેતાળ પ્રદેશ હોવાથી વૃક્ષો ન હતા, આથી સૂર્યનો તાપ

પાછા વળીને પણ ન જોયું.

હું થોડુ ચાલ્યો ત્યાં સાંજ થઇ ગઇ. સદ્‌નસીબે થોડાક લાકડાં મળી ગયા હતા.

તેમાંથી આગ સળગાવી જેથી કોઇ જંગલી પશુ નજીક ન આવી શકે. આગની નજીકમાં જ સુઇ ગયો. સવારે જાગ્યો તો જોયું કે એક સમૂહ અલહસાથી કતાર તરફ થઇ રહ્યો હતો. હું તેઓની સાથે ચાલી નીકળ્યો. તેઓએ મને પાણી પીવડાવ્યુ.

ક્રમશઃ...

## આવો, પરિચય કરીએ
## મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...



**મહર્ષિ દયાનંદના વ્યાકરણ વિષયનાં ગ્રંથો :-**

(ગતાંકથી ચાલુ...)

(૨) सन्धि विषय (પં. ભીમસેન દ્વારા લખાવડાવેલ)

પ્રકાશન : માગશર સુદ - ૫, સોમવાર સં. ૧૯૩૬

(૩) नामिक (પં. ભીમસેન દ્વારા લખાવડાવેલ)



લેખન સમય- ચૈત્ર સુદ - ૧૪, બુધવાર, સં. ૧૯૩૮

પ્રકાશન : જેઠ માસ, સં. ૧૯૩૮


(૪) कारकीय - કારક પ્રકરણની વ્યાખ્યા

(પં. ભીમસેન દ્વારા લખાવડાવેલ)

લેખન સમય - ભાદરવા વદ ૮, બુધવાર, સં. ૧૯૩૮

"જે વાણીથી સર્વ વ્યવહારોની નિશ્ચિય થાય છે, વાણી જ સર્વનું મૂળ છે અને વાણીથી જ સર્વવ્યવહારો સિદ્ધ થઇ શકે છે. એટલા માટે જે માણસ વાણીની ચોરી કરે છે. એટલે મિથ્યા ભાષણ કરે છે, તે સર્વ ચોરી વગેરે પાપ કરે છે. એમ જાણવું : માટે મિથ્યા ભાષણનો ત્યાગ કરી સર્વદા સત્ય ભાષણ કરવું."

– સ. વિ. ગ્રહસ્થ પ્રકરણ



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**<u>અંધવિશ્વાસ</u>: આશીર્વાદ ગમે તેના મળે તે સારા જ હોય છે. તે ફળે કે ન ફળે તે તો કર્મના સિધ્ધાંત પર નિર્ભર છે. ફળ તો કરેલા કર્મોનુ મળે છે. જેવું કર્મ કર્યુ હશે. તેવું ફળ મળશે.**

મનુસ્મૃતિમાં કહ્યુ છે -

अभिवादन शीलस्य नित्यं वृध्धोपसेविना ।

चत्वारि तस्य वर्धन्ते आयुर्विधा यशोबलम् ।। २/१२१

વડીલો અને વિદ્વાનોના આર્શીર્વાદથી આયુ,વિદ્યા,યશ અને બળ એ ચારેય વધે છે. જેઓ વડીલો અને વિદ્વાનોના આર્શીવાદ નથી લેતા તેઓને આ ચારેય પ્રાપ્ત નથી થતી. આમાં પણ અનેક વૈજ્ઞાનિક કારણ છે. આર્શીવાદનો અર્થ છે શુભ વચન, જેનો પ્રભાવ આપણા મન - મસ્તિષ્ક ઉપર પડે છે. આનાથીં મનમાં શાંતિની લ્હેર દોડે છે. અને એ જ શાંતિ આપણા જીવનમાં પ્રસન્નતા લાવે છે જેથી આપણને કાર્યો કરવામાં સ્ફૂર્તિ અને શક્તિ પ્રાપ્ત થાય છે. જે કાર્ય ઉત્સાહ શ્રધ્ધા અને ગુરુજનોના આશીર્વાદથી કરવામાં આવે છે તેનું ફળ અવશ્ય જ મળે છે મનુમહારાજ કહે છે -

- આર્શીવાદ લેતી વખતે અથવા ચરણ સ્પર્શ કરતી વખતે બંને હાથ જોડીને નમસ્તે કરવા જોઇએ (મનુસ્મૃતિ - ૨/૭૧)
- ગુરુજનોના ચરણ સ્પર્શ કરતા સમયેએ ધ્યાન રાખવુ કે આપણે જમણો હાથ તેમણા જમણા પગ પર અને ડાબો હાથ તેમના ડાબા પગ પર હોવો જોઇએ. (મનુસ્મૃતિ ૨/૭૨)
- મનુષ્યોએ વૈદિકજ્ઞાન ( ભૌતિક કે આધ્યાત્મિક) - ની પ્રાપ્તિ માટે સર્વપ્રથમ ગુરુજનોના આશીર્વાદ મેળવવા.(મનુસ્મૃતિ ૨/૧૧૭)

માતા-પિતા, ગુરુ, વિદ્વાનોનાં આશીર્વચનો સાંભળીને આશીર્વાદ લેનારનું મન પ્રસન્ન થાય છે. સ્ફુર્તિ આવે છે. માનસિક બળમાં વૃદ્ધિ થાય છે. જે શાંતિ ભૌતિક પદાર્થોથી નથી મળતી તે આપણને આશીર્વાદથી મળે છે.

સૌથી મોટા આશીર્વાદ તો પરમ પિતા પરમાત્માના મેળવવા જોઇએ. એ માટે આપણે સુજાગ બનવું પડે છે. સાચા અર્થમાં મનુષ્ય બનવુ પડશે.

આશીર્વાદથી કર્મ ફળ બદલતુ નથી એ ધ્યાનમાં રાખવું. તો આંતરિક - અશાંતિનો સંપૂર્ણ પણે નાશ કરી શકીએ છીએ, તેમાં કોઇપણ હસ્તક્ષેપ નથી કરી શકતો.

## પિતૃ નડતર એક અજ્ઞાત ભય!



# પ્રાચીનકાળમાં પિતૃઓ જાગૃત નહીં થતા હોય?

- બળદેવભાઇ ઓઝા

ગતાંકનું ચાલુ...

રાજા દશરથ એક ચક્રવતી સમ્રાટ હતા.મોટી ઉંમર સુધી સંતાન નહીં એનુ દુઃખ હતું. પોલી ઉમરે ચાર પુત્રો થયા. જેના પર વિશેષ પ્રેમ હતો એમને ઋષિ વિશ્વામિત્ર માગીને વનમાં લઇ ગયા. કિશોરવસ્થાના રામનો વિયોગ થતા રાજા દુઃખી થયા. રામને રાજ્યાભિષેક કરવાની રાજાની તમન્ના હતી. તેની સૌથી પિ્રય પત્નિ કૈકેયીએ ખરા સમયે વિશ્વાસઘાત કર્યો. કૈકેયીની કુટીલતાને કારણે દશરથના મનોરથ સફળ ન થયો. રામવિયોગે મરણને શરણ થયા.

હામ દામ અને ઠામ હોવા છતાં એક પછી એક દારૂણ દુઃખો સહન કરવાના આવ્યા. રાજ દરબારમાં અનેક વિદ્વાનો હતા. આ બધો પિતૃનો ઉત્પાત છે એવુ કોઇને કેમ ન સુજ્યું ?.

રામની વાત કરીએ. રાજગાદીને બદલે વનવાસ મળ્યો ત્યારે નગરજનો સૌ એક જ વાતનુ રટણ કરે છે.

ાા ભલી બનાઇ બિધિ બાત બિગારી ાા

"વિધાતાએ સુધારેલી બાજી બગાડી નાંખી"

નગરજનોમા ચારેય વર્ણોના લોકો હોય, કોઇને સૂજ્યુ નહીં.

"આ બધો પિતૃનો ઉત્પાત છે"

રામને ધરતી પર સુતેલા જોઇને ગુહરાજાને ખૂબ દુઃખ થયું. આ સમયે લક્ષ્મણજી ગુહરાજાને સમજાવે છે.

ાાકાહુ ન કોઉ સુખ-દુઃખ કર દાતા,

નિજ કૃત કરમ ભોગુ સબુ ભ્રાતાાા

"ભાઇ! કોઇ કોઇને સુખ દુઃખ આપતુ નથી. દરેક પોતે કરેલા કર્મનુ ફળ ભોગવે છે."

લક્ષ્મણજી તો રાજવી છે. એ ભલે ન માને. ગુહરાજા વનવાસી અને પછાતજાતિના છે. આવી જાતિમાં પિતૃનો મહિમાં વિશેષ હોય છે. એ દલીલ કરી શક્યા હોત.

"લક્ષ્મણજી તમે ભલે ના માનો. પણ આ બધો ઉત્પાત પિતૃને કારણે છે. પિતૃ નડે એવું કોઇના નડે!"

રામને મૂકીને સુમંત્ર પાછા ફરવાની તૈયારી કરે છે. ઊંડા શોકમાં ડૂબેલા સુમંત્રને

નિષાદરાજ ટકોર કરે છે.

॥ તુમ્હ પંડિત પરમારથ ગ્યાતા, ધરહુ ધીર લખિ બિમુખ બિધાતા॥

"ભાઇ! તમે તો મોટા પંડિત છો. પરમારથને જાણનારા છો. વિધાતા આપણને પ્રતિકૂળ છે એમ જાણીને ધીરજ ધારણ કરો."

લક્ષ્મણજી આગળ કદાચ ન બોલી શકે. ગૃહરાજા સુમંત્રને કહી શક્યા હોત.

"રાજા મહારાજાઓ ભલે ન માને, હું તમને ચોક્કસ કહું છું સુમંત્રજી કે આ બધો ઉત્પાત પિતૃને કારણે જ છે."

આજના આપણા તાંત્રિકોને જે દિવ્યજ્ઞાન છે. તે પિત્રૃ નડતર ફોર્મ્યાલાંનું જ્ઞાન રામાયણ કાળમાં કોઇને નહી હોય એમ લાગે છે.

ભરતજી મોસાળેથી પરત આવીને બળબળતા હ્દયે માતા કૌશલ્યાજીને મળે છે. કૌશલ્યાજી ભરતને સાંત્વના આપતા કહે છે.

॥ અજહું બચ્છ બલિ ધીરજ ધરહુ, કુસમઉ સમુજિ સોક પરિહરહૂઃ।

જનિ માનહુ હિર્ય હાનિ ગ્લાની, કાલ કરમ ગતિ અઘટિત જાની॥

હે બેટા! તમે ધીરજ ધારણ કરો. આપણા માટે ખરાબ વખત છે. એટલે શોક છોડી દો. કાળ અને કર્મની ગતિ મિથ્યા થતી નથી એમ જાણીને ઉદ્‌વેગ ન કરો.

આવા કપરા સમયમાં પણ પિતૃદોષની વાત ન આવી! મહિલાના મનમાં પણ નહી!

ગંભીર શોકમાં ડૂબેલા ભરતજીને સધિયારો આપતા ગુરુ વશિષ્ટજી કહે છે.

॥ સુનહુ ભરત ભાવિ પ્રબલ, બિલખિ કહેઉ મુનિનાથ,

હાની લાભુ જીવનુ મરનુ, જસુ અપજસુ વિધિ હાથ ॥

"હે ભરત! સાંભળો. ભાવિ બળવાન છે. લાભ - હાનિ, જીવન - મરણ, જશ - અપજશ, એ બધુ વિધિને આધીન છે."

અહીં પણ પિતૃ નડતરની વાત ન આવી.

રાવણની રાજસભામાં તો બધા રાક્ષસો જ હતા. ઘમંડી રાવણને વિભિષણ ચેતવે છે.

॥ સુમતિ કુમતિ સબકે ઉર બસહિ, નાથ પુરાન નિગમ અસકહહી,

જહા સુમતિ તહ સંપત્તિ નાના, જહાં કુમતિ તહ બિપતિ નિદાના ॥


"હે મોટા ભાઇ ! વેદ અને પુરાણમાં કહ્યું છે કે દરેકના હ્દયમાં સુબૃદ્ધિ અને કુબુદ્ધિ વસે છે. જ્યા સુબુદ્ધિ છે ત્યાં અનેક પ્રકારના સુખ - સમૃદ્ધિ છે અને જ્યા કુબુદ્ધિ છે ત્યાં વિમાશ છે."


સંકટ સમયે રાક્ષસોને પણ પિતૃનડતરની વાત સૂઝતી ન હતી.






મહર્ષિ દયાનંદ સરસ્વતીએ 'વ્યવહારભાનુ' પુસ્તકમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંતો આપેલાં છે. જેના આધારે ભારત મકવાણાએ બાળકો માટે ચિત્રકથા તૈયાર કરી છે. જેનુ પ્રકાશન આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા કરવામાં આવેલ છે. 'આર્ય વૈદિક દર્શન'ના બાળ વિભાગમાં તેનો ગુજરાતી અનુવાદ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે છે. વડીલો પોતાના બાળકોને એ વાંચવા પ્રેરણા આપશે એવી આશા છે. – સહસંપાદક

# "મહાપંડિત" લાલબુઝક્કડ (૨)




દીકરાને રડતો જોઇ માતા દોડીને આવી. પૂછયું - શું થયું? અજ્ઞાન અને અંધવિશ્વાસી માતાએ વિચાર્યુ કે થાંભલાએ મારા દીકરાને પકડી લીધો છે. અને તે પણ રડવા લાગી આ જોઇ છોકરાનો બાપ પણ વગર વિચાર્યે રડવા લાગ્યો. પાડોશીઓ ભેગા થઇ ગયા અને તેઓ પણ રડવા લાગ્યાં.
હાય રે... મારા બેટાને થાંભલાએ પકડી લીધો છે!
હાય રે...! આ છોકરાને થાંભલાએ કેવો પકડી લીધો છે. છોડતો જ નથી.
હવે તો લાલબુઝક્કડ જ આને આમાંથી છોડાવી શકશે.
બધાએ નિર્ણય કર્યો કે લાલ બુઝક્કડને બોલાવો. લાલ બુઝક્કડ આવ્યો. લોકોએ એ "મહાપંડિત"ને પૂછયું આને થાંભલાથી છૂટો કઇ રીતે કરી શકાય? લાલ બુઝક્કડે છોકરાની મા ને પૂછયું -
બહેન! આવું બધું કઇ રીતે થઇ ગયું?
મારો દીકરો થાંભલો પકડીને રમતો હતો, મેં એને બોર લઇ આપ્યા. એણે ખોબો ધરીને બોર લઇ લીધાં. ત્યારથી રડયા કરે છે. એવું લાગે છે કે થાંભલાએ મારા દીકરાને પકડી લીધો છે. આથી તે રડયા કરે છે.
લાલ બુઝક્કડે બધી વાત જાણીને કહ્યું ....


સાંભળો ગ્રામજનો! આ છોકરાને આમાંથી છોડાવવાના બે રસ્તા છે. એક તો કુહાડાથી તેના હાથ કાપી નાંખવામાં આવે અને બીજો રસ્તો છે, આ છાપરાને નીચે ઉતારી લો અને છોકરાને ઊંચો કરીને થાંભલા ઉપરથી ગળકાવી લો.
લાલ બુઝક્કડની વાત સાંભળીને છોકરાનો બાપ બોલ્યો...
અમે તો ગરીબ માણસ છીએ, જો છાપરૂ તોડી નાખીશું તો બીજું નહીં બનાવી શકીએ.
તો લાલ બુઝક્કડ બોલ્યો -
તો પછી, લાવો કુહાડો, એક હાથ કાપીને છોકરાને થાંભલાથી જુદો કરી નાખીએ.
છોકરાનો હાથ કાપવાની તૈયારી ચાલતી હતી, ત્યાંજ બાજુના ગામની બુદ્ધિશાળી મહિલા ત્યાંથી પસાર થઇ. તેણે એકઠી થયેલી ભીડ જોઇ-ઘોંઘાટ થતો સાંભળ્યો. ઉત્સુકતાથી પ્રેરાઇને ત્યાં પહોંચી અને દૃશ્ય જોઇને બોલી.
થોભો! તમે આ છોકરાનો હાથ કાપતા નહીં. હું હમણાં જ એને થાંભલાની પકડમાંથી છોડાવી દઉ છું.



પેલી બુદ્ધિશાળી મહિલા થાંભલા પાસે ગઇ અને પોતાના હાથનો ખોબો પેલા છોકરાના ખોબા નીચે ધરી બોલી...
બેટા! તું તારા હાથના બધાં બોર મારા આ ખોબામાં નાખી દે.
બાળકે મહિલાના ખોબામાં બધાં બોર નાંખી દેતા જ તેના હાથ છૂટા થઇ ગયા. અને છોકરાએ રડવાનું બંધ કરી ખુશીથી ઉછળી પડયો
આ જોઇ લાલ બુઝક્કડ ગુસ્સે ભરાઇ ગયો. અને છોકરાના મા-બાપને ગમે તે બોલવા લાગ્યો.
સાંભળો! આ તમારો છોકરો છ મહિનામાં મરી જશે. તમે મારી વાત નથી માની તેનું પરિણામ તમારે ભોગવવું પડશે.
લાલ બુઝક્કડીની વાત સાંભળી છોકરાના માતા-પિતા ગભરાઇ ગયાં.
પેલી બુદ્ધિશાળી મહિલા આ તમાશો જોતી હતી. તેને છોકરાના મા-બાપને સમજાવ્યાં.
તમે ગભરાશો નહીં. જો આના કહેવા મુજબ તમે બાળકના હાથ કાપી નાખ્યાં હોત તો બાળક અત્યારે મરી જાત તો તમે શું કરત, મરવાથી બચવાની કોઇ દવા નથી હોતી. તમારા મનમાંથી ભય કાઢી નાખોં.
અને તેઓના મનમાંથી ભય દૂર થઇ ગયો.

# ગુજરાત નું ગતિશીલ...... આર્યજગત

## આર્યસમાજ જૂનાગઢ દ્વારા ગરીબોને સહાય



વિતરણ કરતા પ્રવીણાબેન અને દીપકભાઇ વગેરે

આર્યસમાજ જૂનાગઢ ગરીબ પરિવારોની સહાયતા અભિયાન ગત દીવાળીથી શરૂ કરી આજ પર્યંત ચાલુ રાખવામાં આવ્યું. જેમાં આશરે ૩૬ પરિવારોમાં રાશન, કપડાં, ગરમ વસ્ત્રો વગેરે વિતરણ કરવામાં આવ્યું. આ સેવાકીય કાર્યમાં બાબા મિત્રમંડળનો સહયોગ મળ્યો હતો.

વિતરણ કાર્યમાં શ્રીમતી પ્રવીણાબેન વાઘેલા, દીપકભાઇ આર્ય અને આર્યસમાજના સદસ્યો, આર્યવીરો જોડાયા હતા.

## આર્યવીરદળ ટંકારા દ્વારા સ્થાનિક શિબિરોનું આયોજન



આર્યવીર દળ ટંકારા દ્વારા દર વર્ષે સ્થાનિક કક્ષાએ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષથી ટંકારા આસ-પાસના ગામોમાં એક-એક સપ્તાહના શિબિર યોજવામાં આવે છે. જેમાં પ્રશિક્ષક તરીકે સુવાસ શાસ્ત્રી સેવા આપે છે. શિબિરના અંતે ગ્રામજનોની હાજરીમાં જાહેર કાર્યક્રમ રાખવામાં આવે છે. ગ્રામજનો પોતાના બાળકોને શારીરિક અને નૈતિક - ચારિત્રિક પ્રશિક્ષણ મળતા ખૂબ આનંદની લાગણી અનુભવે છે. શિબિરાર્થીઓને આર્યસમાજ ટંકારા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# દિવ્યભાસ્કર ગ્રુપ દ્વારા કચ્છના શ્રેષ્ઠ વ્યક્તિઓમાં શ્રી વાચોનિધિ આચાર્યનો સમાવેશ.

## અભિનંદન...

દિવ્યભાસ્કર ગ્રુપનું વર્ષ ૨૦૧૭ ના શ્રેષ્ઠ-સેવાભાવી વ્યક્તિઓમાં શ્રી વાચોનિધિ આચાર્યને ગૌરવ પ્રાપ્ત થયું છે. ભાસ્કર ગ્રુપ દ્વારા કચ્છના વર્ષ ૨૦૧૭ના નામાંકિત વ્યક્તિઓની યાદી બહાર પાડવામાં આવી છે. જેમાં આર્યસમાજ ગાંધીધામના પ્રમુખ, ગુજરાત પ્રાં. આ. પ્રતિનિધિ સભાના ઉપપ્રમુખ, સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના સંયુક્ત મંત્રી શ્રી વાચોનિધિ આચાર્યનો સમાવેશ કરવામાં આવેલ છે. તેઓ ડી. એ. વી. સ્કૂલ-ગાંધીધામના ડાયરેકટર અને અન્ય અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે પરોક્ષ રીતે જોડાયેલા છે.

આ સન્માન તેઓને સમાજસેવાની પ્રવૃત્તિઓમાં યોગદાન આપવા બદલ આપવામાં આવેલ છે. ગુજરાત પ્રાંતીય સભાના પ્રમુખ અને સાર્વ. સભાના પ્રમુખ શ્રી સુરેશચંદ્રજી આર્યએ સમગ્ર આર્યજગત્ વી આ સન્માન મળવા બદલ અભિનંદન.

# લકુલીશ ધામ (વડોદરા) ખાતે ચતુર્વેદ પારાયણ યજ્ઞ સમ્પન્ન.

લકુલીશ ધામ (કાયાવરોહણ), જન કલ્યાણ ટ્રસ્ટ બિલીમોરા અને આર્યસમાજ વડોદરાના સંયુક્ત તત્ત્વાવધામમાં તા. ૨૫-૧૦-૨૦૧૭ થી ૧૫-૧૧-૨૦૧૭ સુધી લકુલીશ ધામ ખાતે ચતુર્વેદ પારાયણ યજ્ઞ યોજવામાં આવ્યો. જેના બ્રહ્મા સ્થાને આચાર્ય વિદ્યાદેવજી બિરાજ્યા હતાં. વેદપાઠી ગુરુકુળ એટાના સ્નાતકો રહ્યાં હતાં. પ્રતિદિન સવાર-સાંજ હોમાત્મક યજ્ઞમાં અલગ-અલગ યજમાનોએ યજ્ઞમાં બેસવાનો લાભ લીધો હતો. આચાર્યજી દ્વારા દરરોજ વેદોનું મહત્વ વેદમંત્રો દ્વારા સમજાવવામાં આવેલ હતું.

કાર્યક્રમ દરમ્યાન વિવિધ સંમેલનોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વેદ સંમેલન, રાષ્ટ્રરક્ષા સંમેલન, યુવા સંમેલન, ગૌ રક્ષા સંમેલન મુખ્ય હતાં. દરેક સંમેલનોમાં તે તે ક્ષેત્રના વિદ્વાનોની વાણીનો લાભ મળ્યો હતો.

કાર્યક્રમના આયોજનમાં પં. દેવનારાયણજી, આચાર્ય દેવેન્દ્રજી, આચાર્ય ડૉ. ઉમાશંકરજી, આર્યસમાજ વડોદરાના પદાધિકારીઓ વગેરેએ મહત્વનું યોગદાન આપેલ હતું. સમગ્ર કાર્યક્રમ લકુલીશધામના સ્વામી પ્રિતમ મુનિજીના સાન્નિધ્યમાં અને તેમના આશીર્વાદથી સફળતાપૂર્વક સમ્પન્ન થયો હતો.

# ગુજરાત પ્રાં. આર્ય પ્રતિનિધિ સભા
# મધ્ય ગુજરાત ક્ષેત્રીય વકતૃત્વ સ્પર્ધા સંપન્ન



ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા-અમદાવાદ દ્વારા મધ્ય ગુજરાત (ક્ષેત્રીય) વકતૃત્વ સ્પર્ધા ચરોતર પ્રદેશ આર્યસમાજ - આણંદ ખાતે તા. ૨૫-૧૧-૨૦૧૭ના શનિવારના રોજ સવારે ૯-૦૦ થી કલાકે યોજાઇ ગઇ.


આ વકતૃત્વ સ્પર્ધામાં આણંદ જિલ્લા તથા ખેડા જિલ્લાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ જેમાં સ્પર્ધાના અંતે પ્રથમ સેનીમા આરતી હસમુખભાઇ (ગર્લ્સ ઇન્સ્ટીટયુશન-ઉમરેઠ), દ્વિતીય મન્સુરી જબીન આશિફભાઇ (વિઝન સ્કૂલ ઓફ સાયન્સ-નડીયાદ), તૃતીય મલેક મુલકામબાનું સત્તરમીયા (ગર્લ્સ ઇન્સ્ટીટ્યુશન-ઉમરેઠ) વિજેતા જાહેર થયા હતા.

આ સ્પર્ધામાૃ ચરોતર પ્રદેશ આર્યસમાજના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલા, તેમજ ઉપમંત્રીશ્રી, કોષાધ્યક્ષશ્રી, અંતરંગ સદસ્યો, આર્યસમાજ - નડિયાદના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ આર્ય તથા ટ્રસ્ટીશ્રી નરેશભાઇ કંથારીયા તથા શ્રી જિલ્લાની સ્કૂલોમાંથી પધારેલ શિક્ષકગણ તથા વાલીગણ તથા વિદ્યાર્થીઓ અને આમંત્રિતો હાજર રહેલ હતાં.

વિજેતાઓને પ્રાંતીય સભા દ્વારા ટ્રોફી-પ્રમાણપત્ર તેમજ આર્યસમાજ દ્વારા વૈદિક સાહિત્ય તથા ઓફીસ બેગ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતાં.

# આચાર્ય જ્ઞાનેશ્વરજીનો દેહવિલય
## આર્યજગતની અપૂરણીય ક્ષતિ





## સ્મૃતિ શેષ આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્ય
### જન્મ તા.૨૭-૦૯-૧૯૪૯
### નિધન તા. ૧૪-૧૧-૨૦૧૭

આર્યજગત્‌માં તે સમયે મહાશોક છવાઇ ગયો કે જ્યારે આચાર્ય જ્ઞાનેશ્વરજી આર્યનું હ્દયાઘાતથી દેહાવસાન થયેલ છે. થોડી ક્ષણો માટે તો એવો આભાસ થયો કે આ વાસ્તવિકતા નહીં પણ સ્વપ્ન છે. પરંતુ વર્તમાન સોશ્યલ મીડિયાના સાધનો વડે વાયુવેગે સમાચારો મળવા લાગ્યાં તેમ - તેમ સ્વપ્ન વાસ્તવિકતામાં પલટાઇ ગયું.

કલ્પના પણ ના કરી શકાય કે આવું વિરલ વ્યક્તિત્વ, તેજસ્વી સિતારો આમ એકાએક અદશ્ય થઇ જશે. ઈશ્વર ઈચ્છા મહાન છે. તેની વ્યવસ્થા, તેના નિયમોનો તાગ કોણ મેળવી શક્યુ છે!

આચાર્યજી એક સુખી-સમ્પન્ન સુવર્ણકાર પરિવારમાં જ્યેશઠ પુત્ર તરીકે જનમ્યા હતા. માતા - પિતાની પુત્ર પ્રત્યે ઊંડી કલ્પનાઓ હશે. ઉચ્ચ અભ્યાસ કરાવી શ્રેષ્ઠી કે ઉચ્ચ અધિકારી તરીકે જોવાની મહેચ્છા હશે. પરંતુ આ દિવ્યઆત્મા કંઇક એથી વિશેષ પ્રાપ્તિ માટે જનમ્યો હતો.

રાજસ્થાનના નાગૌર (બિકાનેર) નગરમાં આસો સુદ -૭ વિ.સં.૨૦૦૬(તા.૨૭/૯/૧૯૪૯)ના રોજ શ્રી દ્વારકાદાસ મોનાકારના પુત્રરત્ન તરીકે જનમ્યા. નામ રાખ્યું જ્ઞાનેશ્વર ઘરમાં પૌરાણિક વિચારધારા હતી.

આથી તેનો પ્રભાવ પડેલો સ્વાભાવિક હતો. વિદ્યાર્થી અવસ્થા પ્રાપ્ત થતા અભ્યાસમાં જોતરાયા. રાજસ્થાન યૂનિવર્સિટીથી એમ. એ.(અર્થશાસ્ત્ર) સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ દરમ્યાન આર્યસમાજના સંપર્કમાં આવ્યા. સત્યાર્થ પ્રકાશ વગેરે ગ્રન્થો વાંચ્યા તેથી ગુરુકુળમાં જઇને સંસ્કૃતનો અભ્યાસ કરી વેદોનો અભ્યાસ કરવાની ઇચ્છા થઇ. જો કે પરિવારજનોએ તેમ કરવાની સંમતિ ન આપી, બલ્કે વિરોધ કર્યો. આથી એકાદ વર્ષ પૈતૃક વ્યવસાય કર્યો. પરંતુ આર્યસમાજના સત્સંગોમાં નિયમિત જતા રહેલા હતા. ત્યાં આર્યવિદ્વાનો, સંન્યાસીઓના ઉપદેશનો લાભ મળતો. આમ સ્વાધ્યાય અને સત્સંગ કરતા રહેવાથી ગુરુકુળમાં જવાની ઇચ્છા તીવ્ર બનવા લાગી. થયું કે જો ઘરમાં રહીશ તો પરિવારજનો ગૃહસ્થની જાળમાં ફંસાવી દેશે. આથી એક રાત્રે કોઇને પણ જાણ કર્યા વિના ચૂપ-ચાપ ઘરેથી નીકળી ગયા. થોડા દિવસો વિચરણ કર્યા પછી સદ્‌ભાગ્યે સ્વામી સત્યપતિજીનો ભેંટો થઇગયો. સ્વામીજી હીરા પારખું આ હીરાને કસવા માટે તેને મૂલ્યવાન બનાવવા માટે સ્વામીજીએ ગુરુકુલ કાલવા આચાર્ય બલદેવજી પાસે જઇ સંસ્કૃત ભાષા અને વ્યાકરણનો અભ્યાસ કરવા જવા નિર્દેશ કર્યો. ગુરુકુલ કાલવામાં ત્યાં લગભગ સાડા છ વર્ષ રહીને અષ્ટાધ્યાયી મહાભાષ્યનુ અધ્યયન કર્યુ.ત્યાંથી નીકળીને ગુરુકુલ કાંગડીના ઉપકુલપતિ પ્રો. રામપ્રસાદજી વેદાલંકાર પાસે નિરુક્તલનો અભ્યાસ કર્યો.સ્વામી દિવ્યાનંદજી (યોગધામ જવાલાપુર) પાસે કાવ્યાલંકાર તેમજ છંદશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્યાર પછી સ્વામી સત્પતિજીના શ્રીચરણોમાં રહીને સ્વામીજી સાથે ભ્રમણ કરતા-કરતા પાંચદર્શનો અને ઉપનિષદોનો અભ્યાસ કર્યો.

આચાર્યજીની ઇચ્છા હતી કે દેશ-વિદેશમાં જઇને ગુરુકુલીય શિક્ષણ, સંસ્કૃત ભાષા, વૈદિકધર્મ સંસ્કૃતિ-સભ્યતાનો પ્રચાર કરવો. પરંતુ સ્વામી સત્યપતિજીએ પ્રેરણા આપી કે જીવનનું લક્ષ્ય ઇશ્વર સાક્ષાત્કાર કરવો એ છે. આથી એને મુખ્ય બનાવી પુરુષાર્થ કરવો જોઇએ. આથી સ્વામીજીની આજ્ઞાનુ પાલન કરી સ્વામીજીએ બનાવેલ યોજના મુજબ આર્યવન રોજડ ખાતે દર્શનશાસ્ત્રોનું અધ્યયન અને યોગાઅભ્યાસ માટેની લગભગ બે વર્ષ ચાલનારી શિબિરમાં જોડાઇ ગયા. બે વર્ષના અંતરાલ પછી આચાર્યજીએ પૂર્ણવૈરાગ્ય પ્રાપ્ત

ક ય

બે વર્ષની શિબિરની સફળતા અને ઉપલબ્ધિઓ જોતા દીર્ઘદ્રષ્ટા, વૈદિકધર્મ માટે તન-મન-ધન અર્પણ કરવા તત્પર આર્યવન વિકાસ ફાર્મના ટ્રસ્ટીએ આ પ્રશિક્ષણની પ્રવૃતિને આગળ પણ ચાલુ રાખવા નિર્ણય કર્યો અને દર્શનયોગ મહાવિદ્યાલયનો પાયો રોપ્યો. આ મહાવિદ્યાલયે પૂ.સ્વામી

સત્યપતિજીના સાનિધ્યમાં આગળ જતા આર્યસમાજને લગભગ ૬૦ જેટલાં આર્યવિદ્વાનો, અધ્યાત્મના ચિંતકો,ત્યાગી-તપસ્વીઓ.સંન્યાસીઓ આપ્યા. આ મહાવિદ્યાલયના આચાર્ય પદે જ્ઞાનેશ્વરજીની નિયૂક્તિ કરવામાં આવી. ત્યાર બાદ વાનપ્રસ્થ સાધક આશ્રમની સ્થાપના થઇ. આ આશ્રમ એ આચાર્ય જ્ઞાનેશ્વરજીનું સ્વપ્ન હતું. જેના દ્વારા સાધકો અને વાનપ્રસ્થીએ તૈયાર થાય અને તેઓ ગુજરાત અને સંપૂર્ણ દેશમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર કરે. આચાર્યજીએ આ માટે અથાક પરિશ્રમ કર્યો. યજ્ઞ-યોગ શિબિરો, ગોસ્ઠીઓ, સંમેલનો, વિપુલમાત્રામાં સાહિત્ય લેખન-પ્રકાશન, દેશ-વિદેશમાં પ્રચાર યાત્રાઓ, સંસ્કૃત ભાષા-વ્યાકરણ-દર્શન વગેરેના પ્રશિક્ષણ દ્વારા બ્રહ્મચારીઓનું નિર્માણ અને એથીય વિશેષ અનેક ભાવિયોજનાઓનો ભંડાર તેમનામાં સમાયેલો હતો.

આશ્રમમાં લગાતાર ૧૨ કલાક ૩૬૫ દિવસ ચાલનારા યજ્ઞ અને તે માટે યજ્ઞશાળાનું નિર્માણ એ આચાર્યજીનું મહત્વપૂર્ણ પ્રદાન છે. આચાર્યજી લેખક, ઓજસ્વી વક્તા અને ક્રાન્તિકારી વિચારક, શ્રેષ્ઠ પ્રશાસક, વેદો દર્શનો-ઉપનિષદોના વિદ્વાન, ઉપદેશકો - અતિથિઓ પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમની લાગણી વરસનાર, સેંકડો પુસ્તકોના પ્રકાશક જેવાં અનેક ગુણોની ખાણ હતાં.

આચાર્યજીની અણધારી વિદાયથી ગુજરાતે અને સંપૂર્ણ આર્યજગતને અપૂરણીય ક્ષતિ થયેલ છે.

આચાર્યના ક્ષણભંગુર શરીરનો અંતિમ સંસ્કાર વાનપ્રસ્થ સાધક આશ્રમ-આર્યવન રોજડ પરિસરમાં ડો.કમલેશકુમાર શાસ્ત્રીએ તા.૧૫/૧૧/૨૦૧૭ના રોજ આચાર્યજીની શ્રદ્ધાંજલિ સભા તા.૧૬/૧૧ના રોજ સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રધાન સુરેશ ચંદ્રજીઆર્યની ઉપસ્થિતિમાં આર્યવન વિકાસ ફાર્મસ્ટેના પ્રમુખ શ્રી મનસુખભાઇ વેલાણીની અધ્યક્ષતામાં રાખવામાં આવીઅંત્યેષ્ટિ અને શ્રદ્ધાંજલિ સભામાં દેશભરમાંથી હજારોની સંખ્યામાં આર્યનર-નારી, ગુરુકુલોનાં આચાર્યો,સંન્યાસીઓ,આર્યનેતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને આચાર્યની ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

જે ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ અને જ્ઞાનાદિ ગુણ યુક્ત અલ્પ નિત્ય છે તેને જીવ માનું છું.

- સ્વમંતવ્યામંતવ્ય

# આચાર્ય જ્ઞાનેશ્વરજીને
# દેશ-વિદેશથી શ્રદ્ધાંજલિ અપાઈ.

આચાર્ય જ્ઞાનેશ્વરજીની ચિર વિદાયથી દેશ-વિદેશના આર્યોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અને ટેલિફોન, ઇ-મેઇલ, વોટ્સ એપ, ફેસબુક વગેરે માધ્યમો દ્વારા શ્રદ્ધાંજલિના સંદેશા આવવા લાગ્યા હતાં. પતંજલિ યોગપીઠ હરિદ્વારથી સ્વામી રામદેવજીએ પણ સંવેદના પાઠવી હતી. અને મૃત્યુ ક્યાં-ક્યાં કારણોથી થાય છે તેની જાણકારી આપી હતી. ઉલ્લેખનીય છે કે બાબા રામદેવ અને આચાર્ય જ્ઞાનેશ્વરજી ગુરુકુલ કાલવડમાં સહપાઠી હતાં.

○ આર્યસમાજ ટંકારામાં આચાર્યને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં આર્યસમાજના પદાધિકારીઓ, સદસ્યો, આર્યવીરો, આર્ય મહિલાઓ વગેરે આચાર્યના ગુણગાન કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

○ ગુરુકુલ સૂપા (જિ. નવસારી) ખાતે શ્રદ્ધાંજલિ સભા રાખવામાં આવી હતી. જેમાં આચાર્યજીએ ગુરુકુલ સૂપાની લીધેલ મુલાકાતની યાદ તાજી કરવામાં આવી હતી. તેમજ આચાર્યજીની વૈદિક ધર્મ પ્રત્યેની ભાવનાને બિરદાવવામાં આવી હતી.

○ આર્યસમાજ હાથીખાના, રાજકોટ દ્વારા શ્રદ્ધાંજલિ સભા રાખવામાં આવી હતી. જેમાં આર્યસમાજના પદાધિકારીઓ, સદસ્યો મહિલાઓ વગેરે હાજર રહ્યાં હતાં અને આચાર્યની સંસ્મરણો તાજા કર્યા હતાં. આચાર્યજીની આર્યસમાજ, રાજકોટ પ્રત્યેની લાગણી તેમની જોશીલી વાણી, સમર્પણને બિરદાવવામાં આવેલ હતાં.

○ આર્યસમાજ કાંકરિયાના સાપ્તાહિક સત્સંગમાં આચાર્યજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં આર્ય ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

○ આર્યસમાજ પોરબંદર ખાતે આચાર્યને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જેમાં આચાર્યજીના ગુણો કાર્યશૈલી, પ્રચારની ભાવના, સાહિત્ય પ્રકાશન અને ગુજરાતને તેમનું પ્રદાન બિરદાવવામાં આવેલ હતાં.

# महर्षि दयानन्द सरस्वती स्मारक ट्रस्ट द्वारा
# बोधरात्रि के उपलक्ष में विभिन्न प्रतियोगिता

ऋषि बोधोत्सव के उपलक्ष्य में विभिन्न प्रतियोगिताओं का आयोजन आगामी ऋषि बोधोत्सव – २०१८ के उपलक्ष्य में टंकारा ट्रस्ट की ओर से युवाओं के लिए विभिन्न प्रतियोगिताओं का आयोजन किया गया है । जिसमें भाग लेकर युवाशति अपनी प्रतिभा उजागर करें ।

१. वॉलीबॉल (शूटिंग) टूर्नोन्ट – (सौराष्ट्र प्रदेश के खिलाडिओं के लिए)
- विजेता टीम को शिल्ड प्रदान किया जाएगा ।
- विजेता खिलाडियों, बेस्ट शूटर व बेस्ट नेटी को पुरस्कृत किया जायेगा ।
- प्रवेशपत्र दिनांक १ फरवरी – २०१८ तक स्वीकृत होंगे ।
- यह टूर्नोन्ट दिनांक ८ से १० फरवरी – २०१८ के बीच में होंगी।

२. महर्षि दयानन्द खेल महोत्सव (टंकारा तहसील के विद्यार्थियों के लिए)
- कक्षा ६ से १२ तक के विद्यार्थी भाई–बहन भाग ले सकेंगे जिसमें विभिन्न मेदानी खेलों की प्रतियोगिता होंगी, जिसकी जानकारी विद्यालयों को अलग से दी जायेगी ।
- विजेता खिलाडियों को पुरस्कार व प्रमाणपत्र दिये जायेंगे ।

३. प्रश्नमंच प्रतियोगिता (सौराष्ट्र प्रदेश की शिक्षा संस्थाओं के विद्यार्थियों के लिए)

४. डॉ. मुक्षु आर्य गुरु विरजानन्द सरस्वती पुरस्कार

समस्त गुरुकुलों के विद्यार्थियों को सूचित किया जाता है कि टंकारा में प्रतिवर्ष ऋषि बोधोत्सव पर .डॉ. मुक्षु आर्य गुरु विरजानन्द सरस्वती पुरस्कार. उस विद्यार्थी को दिया जाता हैं जिसे योगदर्शन के समस्त १९५ सूत्र एवं यजुर्वेद के ४० वे अध्याय के सब मन्त्र शुद्ध उच्चारण व अर्थ सहित कंठस्थ होंगे। जो ब्रह्मचारी इस प्रयोगिता में भाग लेना चाहते हैं, वे अपना नाम फोटो के साथ अपने गुरुकुल के प्राचार्य के माध्यम से टंकारा गुरुकुल के प्राचार्य / प्रतियोगिता संयोजक को भेज दें । प्रथम स्थान प्राप्त करने वाले ब्रह्मचारी को पांच हजार रूपये नगद व स्मृति चिन्ह से पुरस्कृत किया जायेगा ।

## આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનના ગ્રાહકોને નિવેદન કે તેઓની સરનામા કાપલીમાં તેઓનું વાર્ષિક શુલ્ક પૂરુ થવાનો મહિનો લખવામાં આવે છે. જેથી દરેક ગ્રાહકોએ શુલ્ક પૂરુ થવાની સમય મર્યાદા પૂરી થતા પહેલાં પોતાનું શુલ્ક મોકલી આપવું.

જેઓનું વાર્ષિક શુલ્ક સમયસર નહીં મળવાના સંજોગોમાં બે માસ સુધી અંકો મોકલવામાં આવશે, ત્યાર બાદ અંકો મોકલવાનું બંધ કરાશે. જેની નોંધ લેવી.

– વ્યવસ્થાપક

# પુસ્તક પરિચય

નામ : આર્યોનો આદિ દેશ
હિન્દી લેખક : સ્વામી વિદ્યાનંદ સરસ્વતી
ગુર્જર અનુવાદક : તુલસીદાસ ઉગરચંદ પરમાર
સંપાદક : પરેશ જે. કટારિયા
પૃષ્ઠ સંખ્યા : ૪૬
પ્રકાશક : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા - અમદાવાદ
મુખ્ય વિતરક : શ્રી નાથુભાઈ ડોડિયા, વડાપડા, ભરૂચ

આર્યોનું મૂળ નિવાસ સ્થાન વિષે સમયાંતરે ટીપ્પણી થતી રહે છે. આવી ટીપ્પણી પણ ઐતિહાસિક ઓછી પરંતુ રાજકીય વિશેષ હોય છે. આર્ય અને દ્રવિડ જાતિઓના સિદ્ધાંતની કાલ્પના સન્ ૧૮૬૬ માં મિ. એડવર્ડ ટોમસે કરી હતી. જેનો ઉદ્દેશ્ય ભારતવાસીઓને ભ્રમિત કરવાનો હતો. આર્યોને વિદેશી આક્રમણકારી બતાવ્યા. અંગ્રેજ શાસનકાળમાં એને તથ્ય તરીકે સ્વીકારી લેવામાં આવ્યો. અને એ કાલ્પનિક સિદ્ધાંતને શિક્ષણમાં સ્થાન આપવામાં આવ્યું. અને આ સિદ્ધાંત એટલો મજબૂત બની ગયો કે સ્વતંત્રત ભારતમાં એના મૂળ ઉખેડવાની કોઈએ હિંમત કરી નહીં.

આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ (૧૮૨૫ - ૧૮૮૩) એક માત્ર પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે આ સિદ્ધાંત સામે અવાજ ઉઠાવ્યો. જે અવાજને આર્યસમાજે પ્રચારિત કર્યો અને કહ્યું કે આર્યો મૂળ ભારતના જ નિવાસી છે. આર્ય કોઈ જાતિ નહીં પરંતુ ગુણધારી શબ્દ જ છે. જેની સાબિતી માટે અનેક આર્ય વિદ્વાનોએ પોતાના પ્રવચનો, લેખો અને પુસ્તકો લખ્યાં.

સ્વામી વિદ્યાનંદ સરસ્વતી આર્યસમાજના ઉચ્ચ કોટિના ચિંતક અને લેખક હતા. તેઓએ **આર્યો કા આદિ દેશ** નામે વર્ષો પહેલાં પુસ્તક લખી અનેક પ્રમાણો દ્વારા સિદ્ધ કર્યું કે આર્યોનો આદિ દેશ આર્યાવર્ત અર્થાત્ ભારત છે.

આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ ઘણા વર્ષો પહેલા પ્રસિદ્ધ થયેલો જે લગભગ પ્રાપ્ય હતું. છેલ્લા કેટલાંક વર્ષો થયાં ફરીને એ અવાજ ઉઠવા લાગ્યો છે કે આર્યો આ દેશના નિવાસી નથી. આવાં ઉઠતા અવાજથી વર્તમાન પેઢી ભ્રમિત ન થાય એ હેતુસર ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાએ પુસ્તકનું પુનઃપ્રકાશન કરવાનું વિચાર્યુ. જેને પુસ્તક પ્રકાશનના અનુભવી અને નિષ્ઠાવાન આર્ય શ્રી નાથુભાઈ ડોડિયા (ભરૂચ)એ પ્રકાશિત કરી આપવા સહર્ષ સ્વીકાર્યુ.

આ પુસ્તક બુદ્ધિજીવી વિચારકો, લેખકો, શિક્ષણ સંસ્થાઓના અધ્યાપકો વગેરેને ઉપયોગી થશે.

આ પુસ્તક ગુજરાતની તમામ આર્યસમાજોમાં પ્રાપ્ય છે.

BOOK-POST

# આર્યાભિવિનય

समित्रिया न ऽ आप ऽ ओषधयः सन्तु ।
दुर्मित्रियास्तस्मै सन्तु योऽस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः ॥
यजुर्वेद० ३६.२३ ॥ २९ ॥

**વ્યાખ્યા :** હે સર્વ મિત્ર સંપાદક! આપની કૃપાથી પ્રાણ, જળ, વિદ્યા અને ઔષધિ સુમિત્રિયા: અમારા માટે સદા સુખદાયક બનો, કદી પ્રતિકૂળ ન બનો અને જે અમારા પ્રત્યે દ્વેષ, અપ્રીતિ અને શત્રુતા કરે છે તથા જે દુષ્ટ પ્રત્યે અમે દ્વેષ કરીએ છીએ, હે ન્યાયકારિન્! તેને માટે દુર્મિત્રિયા: પૂર્વોક્ત પ્રાણાદિ પ્રતિકૂળ - દુઃખદાયક જ બનો, અર્થાત્ જે અધર્મ કરે તેને આપના રચેલા જગતના પદાર્થો દુઃખદાયક જ બનો. જેથી તેઓ (અધર્મ ન કરે અને) અમને દુઃખ ન આપી શકે. પુનઃ (પ્રાર્થના છે કે) અમે સદા સુખી જ રહીએ.

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - RMS on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2015 - 17

પ્રતિ,

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL